MINISTRY OF EDUCATION, SINGAPORE
in collaboration with
UNIVERSITY OF CAMBRIDGE LOCAL EXAMINATIONS SYNDICATE
General Certificate of Education Ordinary Level

# GUJARATI

**3199/02**

Paper 2 Language Usage and Comprehension

**October/November 2007**

**1 hour 30 minutes**

Additional Materials: Answer Sheet

*0557316271*

**READ THESE INSTRUCTIONS FIRST**

Write your Centre number, index number and name on all the work you hand in.
Write in dark blue or black pen on both sides of the paper.
Do not use staples, paper clips, highlighters, glue or correction fluid.

Answer **all** questions.

At the end of the examination, fasten all your work securely together.
The number of marks is given in brackets [ ] at the end of each question or part question.

This document consists of **9** printed pages and **3** blank pages.

Singapore Examinations and Assessment Board

UNIVERSITY of CAMBRIDGE International Examinations

© UCLES & MOE 2007

## Section A
## વિભાગ ક

### A1 Combination/Separation of Words [10]

### શબ્દોની સંધિ

નીચે આપેલા શબ્દોની સંધિ કરો અને તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet) માં લખો.

1 મહા + ઈશ

2 સર્વ + ઉદય

3 કાર્ય + આલય

4 સુ + આગત

5 દેવ + ઈન્દ્ર

© UCLES & MOE 2007

**A2 Idioms, Proverbs and Words in Pairs** [10]

**રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ**

**નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગ્યા ભરવા માટે નીચે રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ આપ્યાં છે. તેમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા** (Answer Sheet) **માં લખો.**

6 **રાજુ એટલો ...................... થઈ ગયો છે કે ઓળખાતો પણ નથી.**

7 **ગરીબીને લીધે રામુની માએ ........................ તેને ભણાવ્યો છે.**

8 **મગન કંઈ આ વાંચી શકવાનો નથી. એને તો ........................... છે.**

9 **નાનો ભાઈ ........................ હતો એટલે બીજાનું સાંભળીને તે મોટાભાઈ સાથે ઝઘડતો..**

10 **કેશવના સગાં તેને મુંબઈ આવી જવાનું કહેતા. પણ જ્યારે તે મુંબઈ ગયો ત્યારે કોઈએ તેને મદદ કરી નહિ. કેશવને થયું કે ખરેખર ..................લાગતા હતા.**

| | |
|---|---|
| (1) કાળા અક્ષર ભેંસ બરાબર | (6) માખો મારીને |
| (2) અંદર -બહાર | (7) આંધળામાં કાણો રાજા |
| (3) ઊલટો ચોર કોટવાળને દંડે | (8) દુબળો - પાતળો |
| (4) કાચા કાનનો | (9) દૂરથી ડુંગર રળિયામણા |
| (5) પેટે પાટા બાંધવા | (10) ઘીના દીવા કરવા |

## A3 Sentence Transformation [10]

**વાક્ય રૂપાંતર**

**દરેક પૂર્ણ વાક્યની નીચે અધૂરું વાક્ય આપ્યું છે. તેને યોગ્ય શબ્દોની મદદથી એવી રીતે પૂરું કરો કે જેથી તેની ઉપર આપેલા પૂરા વાક્યનો અર્થ ન બદલાય.**
**ઉત્તરપત્રિકા** (Answer Sheet) **માં ફક્ત ઉત્તર લખો.**

11 હું માંદી હોવાથી દિવાળીના કાર્યક્રમમાં જઈ શકી નહિ.

મારાથી ........................................................................ .

12 નોકરે કહ્યું કે શાકવાળી આવી હતી તેથી તે શાકભાજી લેવા જઈ રહ્યો હતો.

નોકરે કહ્યું, " શાકવાળી ........................................................".

13 રસ્તા પર ખૂબ અંધારું હોવાને કારણે મને ડર લાગવા માંડ્યો.

મને ડર .........................................................................

14 નાહીને પછી મહેશ નાસ્તો કરશે.

પહેલાં મહેશ ................................................................. .

15 મામી મને ન મળ્યાં કારણ કે હું સ્ટેશને પહોંચી ત્યાર પહેલાં તેમની ટ્રેન ઊપડી ગઈ.

હું સ્ટેશને પહોંચવામાં ........................................................ .

© UCLES & MOE 2007

## A4 Cloze Passage [20]

**ક્લોઝ પેસેજ**

નીચેના લખાણમાં આપેલી ખાલી જગ્યા ભરવા માટે ખૂટતા શબ્દો લખાણની નીચે આપ્યા છે. દરેક ખાલી જગ્યા ભરવા માટે યોગ્ય શબ્દ શોધી તેનો નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet) માં લખો.

સિક્કાઓની શોધ થઈ ત્યાર પહેલાં લોકો છીપલાં કે ધાતુના ટુકડાને પૈસા તરીકે વાપરીને એકબીજા સાથે વ્યાપાર કરતા. પોતાના બનાવેલા માલની સાથે બીજાએ બનાવેલા માલની _____16_____ પણ તેઓ કરતા. આ રીત ફેરબદલી તરીકે _____17______.

સિક્કાઓ લગભગ ઈ. સ. પૂર્વે 650 _____18____ની આસપાસ બનાવવામાં આવ્યા હશે. સિક્કાથી વસ્તુઓ ખરીદવાનું વધારે ____19____ હતું કારણ કે દરેક સિક્કાના વજનને આધારે તેની અમુક કિંમત કરવામાં આવી હતી. ઈ. સ. પૂર્વે ત્રીજી સદીથી સિક્કાઓ પર તે જે વિસ્તારમાં વપરાતા ત્યાંના રાજવીનું ચિત્ર ____20____ આવતું. એ સિક્કાની કિંમતની જવાબદારી કોણે લીધી છે તે બતાવવા આમ થતું. અત્યારે પણ ઘણાં દેશોમાં આ પદ્ધતિ ____21___ રહી છે.

થોડા થોડા વખતને અંતરે દુનિયામાં બધે ____22____ ચરુ હજુ પણ મળી આવે છે. બેંકો શરૂ થઈ તે પહેલાં મિલકતનો ____23_ કરવા, તેને સંતાડવાનો એક જ માત્ર માર્ગ હતો. ભયને સમયે સિક્કાઓને દાટી દેવામાં આવતા અને ક્યારેક તે ખોવાઈ જતા કે ભૂલાઈ જતા. દુનિયાના કેટલાક ભાગોમાં ચાંચિયાઓ તેમની મિલકતને દાટી દેતા અને આ વિશેની ઘણી ____24______અને નવલકથાઓ લખાઈ છે.

દટાયેલા સિક્કાનું સારું એવું નાણાંકીય મૂલ્ય તો છે જ પણ તે ભૂસ્તરશાસ્ત્રીઓ માટે પણ _____25_____ છે. સિક્કા પરની ભાત પ્રાચિન જગ્યાનો સમયગાળો કે વહાણના તૂટવાની તારીખ નક્કી કરવામાં તેમને મદદ કરે છે, જ્યારે દૂરના દેશોના સિક્કાઓ, પુરાણા વ્યાપારી માર્ગોની હયાતી પુરવાર કરવામાં મદદ કરે છે.

| | | |
|---|---|---|
| (1) લખાતી | (6) ઉપયોગી | (11) બંધ |
| (2) દટાયેલા | (7) અદલાબદલી | (12) ચાલુ |
| (3) સાહસકથાઓ | (8) લેવાઈ | (13) વર્ષ |
| (4) મહિના | (9) ભૂસવામાં | (14) સંગ્રહ |
| (5) સહેલું | (10) ઓળખાતી | (15) મૂકવામાં |

## Section B
## વિભાગ ખ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

"મનુષ્ય તરીકે આપણા માટે એ બધું સરળ છે. આપણો જન્મ થાય છે, આપણને નામ આપવામાં આવે છે અને આપણે સરકાર પાસે નોંધાઈએ છીએ." મલેશિયાની ફોરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ (FRIM) ના નિર્દેશક ડો. અઝહરીએ કહ્યું.

"પણ," એમણે આગળ કહ્યું, " અહીં FRIM માં સંગ્રહ કરેલાં 600,000 સરકતાં, ઘસડતાં, ઊડતાં અને ગુણગુણતાં જીવડાં માટે ખરેખર એવું નથી. ફક્ત 10,000 ને પોતાના ખાસ નામનું ભાગ્ય મળ્યું છે - બાકીનાં તો, તેમને ઓળખાવી શકે અને કુદરતની દુનિયામાં સ્થાન આપી શકે એવાં કોઈ પણ વર્ગ, ક્રમ, વંશ કે જાત વગરના જીવાણુ-જગતમાં ખોવાઈ ગયાં છે."

તેમ છતાં, ફક્ત જીવડાં માટે જ નહિ પણ મલેશિયાના છોડ, વૃક્ષ અને પ્રાણીઓ માટે પરિસ્થિતિ બદલવાની છે. તે બધાં શું છે, ક્યાં છે અને કેટલાંનું અસ્તિત્વ છે એ જાણવા માટે જબરદસ્ત પ્રયાસ થઈ રહ્યો છે.

"દાખલા તરીકે, અમે પાસોહ ફોરેસ્ટ રિઝર્વનાં વૃક્ષો પર નિશાની કરીને તેનો નક્શો બનાવી રહ્યા છીએ," ડો. અઝહરીએ સમર્થન કર્યું. "ફક્ત એક સેન્ટિમિટર વ્યાસ હોય એવાં પાતળાં વૃક્ષોથી માંડીને જંગલનો ચંદરવો બનાવતાં મહાકાય એવાં 6,000 વૃક્ષો, 50 હેક્ટરની જગ્યામાં હોય શકે. અમે જ્યારે પણ વિગતવાર માહિતી મેળવવા ત્યાં જઈએ ત્યારે દરેક વખતે નવી જાતનાં વૃક્ષો અમને મળે. આ અમારા સંશોધકો માટે અદ્‌ભૂત બાબત છે પણ તેઓ થોડા નિરાશ પણ થાય છે કારણ કે કમભાગ્યે અમારી પાસે ક્યારેય સંપુર્ણ યાદી નહિ હોય, હંમેશાં કંઈક ને કંઈક નવું હશે જ."

આટલું બધું કરવાનું હોવાને લીધે, FRIM એક સભા બોલાવવાની યોજના કરે છે જેથી કરીને સંશોધકો અને વૈજ્ઞાનિકોને ભેગાં કરી શકાય અને સાથે સાથે, સ્થાનિક કામદારોને નમૂના ઓળખવા માટેની તાલીમ આપવા, પરદેશી નિષ્ણાતોની મદદ મેળવી શકાય. દેશમાં જ્યાં ખાસ દુર્લભ અને નાશવંત થવાની હોય એવી જાતો થતી હોય એ ભાગોના રક્ષણ માટે ભલામણ કરવામાં આવશે.

નિર્દેશકે ઉમેર્યું, "આપણા સંરક્ષકો આ યોજનામાં આગળ વધવા એટલા આતુર છે કે તેઓ ઘણી વખત અઠવાડિયામાં ઘણા વધારાના કલાકો કામ કરે છે. જ્યારે પણ કોઈ નવી જાતિ મળી આવે છે ત્યારે મંડળમાં ખરેખરી સિદ્ધિની ભાવના પ્રસરે છે પછી તે સિદ્ધિ એકલા જ કામ કરીને પ્રાપ્ત થઈ હોય કે સંયુક્ત રીતે થઈ હોય."

માહિતી ભેગી કરીને તેની ક્રમવાર યાદી બનાવવાને પરિણામે, છેવટે મલેશિયા પાસે એક વિસ્તૃત વૈજ્ઞાનિક ડેટા-બેઈઝ અને તેનાં છોડ, વૃક્ષો અને પ્રાણીઓનાં સ્વાસ્થ્ય અહેવાલનું કાર્ડ હશે.

આથી, બાકીનાં 590,000 સરકતાં – ઘસડતાં જીવડાંને છેવટે તેમનાં યોગ્ય લેટિન નામથી બોલાવવામાં આવશે.

© UCLES & MOE 2007

**B5 MCQ Comprehension** [14]
**વિકલ્પવાળા બોધપ્રશ્નો**

**લખાણને આધારે નીચે સાત પ્રશ્નો આપ્યા છે અને તે દરેક પ્રશ્ન માટે ચાર-ચાર વિકલ્પો આપ્યા છે. તેમાંથી યોગ્ય વિકલ્પ શોધી તેનો નંબર તમારી ઉત્તરપત્રિકા** (Answer Sheet) **માં લખો.**

26 **ફકરામાં આવતા શબ્દો 'ખરેખર એવું નથી' એ ખાસ ...**

(1) **દરેક છોડને નામ અપાયું નથી એ સંદર્ભમાં લખાયા છે.**
(2) **દરેક જીવડાને નામ અપાયું નથી એ સંદર્ભમાં લખાયા છે.**
(3) **દરેક વ્યક્તિ સરકાર પાસે નોંધાઈ નથી એ સંદર્ભમાં લખાયા છે.**
(4) **દરેક વ્યક્તિને સરકાર તરફથી નામ અપાયું નથી એ સંદર્ભમાં લખાયા છે.**

27 લેખક તમામ જીવડાંનાં સંદર્ભમાં '__________' શબ્દ વાપરે છે.

(1) જીવાણુ-જગત
(2) જાતિ
(3) ઘસડતાં
(4) સરકતાં

28 'FRIM' ના ...

(1) સંશોધકો વૃક્ષોની યાદી શરૂ કરવાની તૈયારીમાં છે.
(2) સંશોધકો વૃક્ષોની યાદીમાં વધારો કરતા રહે છે.
(3) સંશોધકોએ વૃક્ષોની યાદી લગભગ પૂરી કરી લીધી છે.
(4) સંશોધકોએ છેવટે વૃક્ષોની યાદી પૂરી કરી છે.

29 ડો. અઝહરીના કહેવા પ્રમાણે સંશોધકોનું કામ ...

(1) કંટાળાજનક અને નિરસ કહી શકાય.
(2) અદ્‌ભુત અને સંતોષજનક કહી શકાય.
(3) રસ પડે તેવું પણ સંતોષ વગરનું કહી શકાય.
(4) ઉત્તમ પણ નિરાશાયુક્ત કહી શકાય.

30 દુર્લભ અને નાશવંત થવાનો ભય ધરાવતી જાતિઓને છેવટે ઓળખી કાઢશે ...

(1) પરદેશી નિષ્ણાતો.
(2) સ્થાનિક કર્મચારીઓ
(3) સંશોધકો
(4) વૈજ્ઞાનિકો

31 સંરક્ષકો કામ કરે છે ...

(1) ઓછામાં ઓછા કલાકો
(2) વધારાના કલાકો અને હંમેશાં સાથે મળીને
(3) એકલા અને ટુકડીઓમાં
(4) ઘણા વધારે કલાકો પણ હંમેશાં એકલા જ

32 સંશોધનનું આખરી ધ્યેય એ છે કે ...

(1) બધાં જ છોડ, વૃક્ષો અને પ્રાણીઓ તંદુરસ્ત રહે એ ચોક્કસ કરાય.
(2) બધાં જ છોડ અને પ્રાણીઓની જાતોને મલેશિયન નામો અપાય.
(3) મલેશિયાના બધાં જ છોડ અને પ્રાણીઓની જાતિઓની યાદી બનાવાય.
(4) મલેશિયામાં છોડ અને પ્રાણીઓની કેટલી નવી જાતિઓ છે તે શોધી શકાય.

© UCLES & MOE 2007 

## Section C
### વિભાગ ગ

**નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર પૂરાં વાક્યોમાં શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં આપો.**

આકાશ અંધારિયું થઈ ગયું હતું અને જોરદાર પવન ખલાસીઓ માટે મુશ્કેલીઓ ઊભી કરતો હતો. મધ્યાહ્નનો સમય હતો અને નહેરો અને નદીઓથી છવાયેલા આ મોહક પ્રદેશની સહેલ કરવા અમે હાઉસબોટની રાહ જોતાં હતાં, ત્યારે પાણી ઉછાળા મારતું હતું.

પ્રવાસકચેરીના ઉદ્યમી દલાલે અમારી હોડીની પહેલાંની યાંત્રિક તકલીફથી અમને માહિતગાર રાખ્યા હતા, પણ આખરે ગાઢ ભીડમાંથી ધીમે પણ કુશળતાથી રસ્તો કાઢતી તે ઉતરવાના સ્થાને આવી. તેમાં રસોઈયો, ભોમિયો અને કપ્તાન એમ ત્રણ ખલાસીઓ હતા. ચાળીસેક વર્ષના ખડતલ બાંધાના કપ્તાન, સોમને કહ્યું, "હું બાળક હતો ત્યારે આ હોડીને હંકારતા શીખ્યો હતો." અત્યંત કુશળતાથી મછવાના વાંસડાને ઘુમાવીને તેણે હોડીને કિનારાથી દૂર ધકેલી. અને પછી અમે ગતિ પકડી એટલામાં તેણે સહેલાઈથી પૈડા તરફ છલાંગ મારી.

ટેલિવિઝન, વર્તમાનપત્ર કે ટેલિફોન વગરનું આ અદ્‌ભૂત એકાંતમય અસ્તિત્વ હતું અને અમે એવી દુનિયા તરફ સહેલ કરી રહ્યાં હતાં જ્યાં કોઈ રસ્તા ન હતા અને જે બહારની દુનિયા સાથે સંપર્ક રાખવા ફક્ત હોડીઓ ઉપર આધાર રાખતી હતી. લોકોની કપડાં ધોવાની અને નાહવાની પ્રવૃત્તિથી નહેરો ધમધમી રહી હતી.

ડુંગળી સમારતાં સમારતાં રસોઈયાએ પૂછ્યું, "તમે વાળુ માટે શું લેશો? અમારી પાસે શાકાહારી આહાર છે પણ અહીંની માછલી અમારી ખાસ વાનગી છે." મેં માછલી પસંદ કરી અને તે ખરેખર સ્વાદિષ્ટ હતી.

એક નાની હોડી બાજુમાં આવી અને માછીમારે તાજાં પકડેલાં જિંગલાનું પ્રદર્શન કર્યું. તે એકી સાથે માછલી પકડતો પણ હતો અને વેચતો પણ હતો. કિનારા પર અનેક જુદી જુદી પેદાશ વેચવા માટે ઘણી કામચલાઉ દુકાનો પણ હતી.

સંધ્યાકાળે હોડીએ કિનારાની નજીક લંગર નાખ્યું. કવચિત્ પાણીમાંથી બહાર ગુલાંટ મારતી માછલીના અવાજ સિવાય રાત્રી શાંતિથી ભરેલી હતી અને હોડીઓ પરનાં ફાનસનું તેજ જ ફક્ત ગાઢ અંધકારને ચીરતું હતું. અમે જાગ્યાં ત્યાર સુધીમાં તો સૂર્ય તેજથી ઝગારા મારતો હતો અને બીજા દિવસભરના કામે જતા લોકોથી ભરેલી હોડીઓની પ્રવૃત્તિથી સરોવર ગુંજતું હતું.

ભોમિયાએ કહ્યું, "તમે તો હજુ આ વિસ્તારમાં ચોકડીઓ પાડતી નહેરોની જાળના એક નાનકડા ભાગનું જ નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું છે."

હા, તે ખરો હતો.- આ પાણીની શાંતિને ફરી એક વાર માણવા કદાચ અમારે બીજી વાર આવવું પડશે.

© UCLES & MOE 2007 

## C6 OE Comprehension [36]

મુક્ત બોધ પ્રશ્નો

33 હાઉસબોટ મોડી થવા માટેનાં કયાં **ચાર** કારણો હોય શકે?

34 કપ્તાન એક અનુભવી ખલાસી હતો એમ શાના પરથી લાગે છે? **ચાર** દાખલા આપો.

35 જળમાર્ગો પરનું જીવન કેવી રીતે આધુનીક જીવન-રીતથી વંચિત રહ્યું છે તે સમજાવો. **ચાર** વિગતો આપો.

36 સવાર અને રાત્રિના સમય વચ્ચેનો તફાવત લેખક કેવી રીતે વ્યક્ત કરે છે?

37 વિસ્તારના રહેવાસીઓ મહેનતુ હતા એના પુરાવારૂપે લેખમાં શું છે? **ચાર** વિગતો આપો.

38 કઈ બાબતો સૂચવે છે કે લેખકને આખોય અનુભવ આનંદમય લાગ્યો હતો? **ચાર** દાખલા આપો.

## C7 Vocabulary [10]

શબ્દો

નીચે આપેલા શબ્દો લખાણમાં લીટી દોરીને બતાવાયા છે. આ શબ્દોના અર્થ લખો.

39 મોહક

40 ઉદ્યમી

41 ખડતલ

42 આહાર

43 કવચિત્

**End of Paper**

© UCLES & MOE 2007 

**BLANK PAGE**

**BLANK PAGE**

**BLANK PAGE**

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (UCLES) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest possible opportunity.

University of Cambridge International Examinations is part of the Cambridge Assessment Group. Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.